નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,

सत्यमेव जयते

બ્લોક નં.૧૪, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯૨૩૨-૫૧૧૭૦
E-Mail : dire-cs-fcs@gujarat.gov.in

તાત્કાલિક/અગત્યનું

નં.પીડીએસ/ખાંડતેલમીઠું/ફાળવણી/તુવેરદાળ/૦૨/૨૪-૨૫/૨૪૧૨

તા:૨૪/૦૭/૨૦૨૪

પ્રતિ,
(૧) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ),
(૨) નાયબ અન્ન નિયંત્રકશ્રી,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકની કચેરી,
લાલ દરવાજા, અમદાવાદ શહેર.

**વિષય: "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો" - ૨૦૧૩ હેઠળના રેશનકાર્ડધારક કુટુંબોને ઑગષ્ટ-૨૦૨૪ માસમાં તુવેરદાળના જથ્થાનું વિતરણ કરવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, હાલમાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો"૨૦૧૩ હેઠળના તમામ રેશનકાર્ડધારક કુટુંબોને વર્ષ ૨૦૨૨-૨૩ થી કાર્ડ દીઠ માસિક ૧ કિ.ગ્રા. તુવેરદાળનું રૂ.૫૦/- પ્રતિ કિ.ગ્રા. ના રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે.

જે અનુસાર ઑગષ્ટ-૨૦૨૪ના માસમાં આપના જિલ્લાના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોના કાર્ડધારકોની તા.૧૮/૦૭/૨૦૨૪ ની જિલ્લાવાર સ્થિતિના ઑનલાઈન કાર્ડસંખ્યાની જરૂરિયાતના ૧૦૦% પ્રમાણે જથ્થાનું વિતરણ કરવા જિલ્લાવાર તુવેરદાળના જથ્થાની ૧૦૦% ફાળવણીનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના જિલ્લામાં વાજબી ભાવના દુકાનદારોના લોગ-ઇન આઇ.ડી.માંથી સમયસર ચલણ જનરેટ થાય અને સમયસર ચલણના પૈસા ભરાઇ જાય તેમ જ ડોરસ્ટેપ ડીલીવરી મારફત તમામ દુકાનો સુધી જથ્થો પહોંચી જાય તેની તકેદારી રાખવા તમામ મામલતદારશ્રી/ઝોનલ અધિકારીશ્રીઓને જરૂરી સ્પષ્ટ સૂચના આપવા વિનંતી છે.

તમામ NFSA કાર્ડધારકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફાળવવામાં આવતાં તુવેરદાળના જથ્થાનું કાર્ડદીઠ વિતરણ પ્રમાણ અને વિતરણ ભાવ અંગેની વિગતો પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર સરકાર માન્ય વાજબી ભાવની દુકાન ઉપર તેમજ ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયત કચેરી ઉપર પ્રદર્શિત કરવાની તથા તેની જિલ્લા સ્થાનિક અખબારોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવી અને તુવેરદાળના વિતરણ બાબતે નિયત કરેલ પ્રમાણ તથા ભાવની તથા અન્ય જરૂરી માહિતીની જાણ આપના વિસ્તારના માન.સંસદ સભ્યશ્રી તથા ધારાસભ્યશ્રીને વાકેફ કરવાના રહેશે.

તુવેરદાળનું વિતરણ વાજબી ભાવની દુકાનો દ્વારા તમામ NFSA કાર્ડધારકોને સમયસર શરૂ થઈ શકે તે માટે જિલ્લા/તાલુકા ગોડાઉન ખાતે ફાળવણી મુજબનો ગુણવત્તા યુક્ત પુરેપુરો જથ્થો સમયમર્યાદામાં

ઉપલબ્ધ થાય તે ગુ.રા.ના.પુ.નિગમએ નિશ્ચિત કરવાનું રહેશે તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ નિગમ અને જિલ્લાતંત્ર વચ્ચે સંકલન રાખી સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

વધુમાં, તમામ જિલ્લાઓમાં જરૂરીયાત મુજબનો ગુણવત્તાયુક્ત તુવેરદાળનો જથ્થો સમયમર્યાદામાં ઉપલબ્ધ થાય, NFSA કાર્ડધારકોને ઉક્ત વિગતે નિયત થયેલ વિતરણ પ્રમાણ અને વેચાણ ભાવથી તેમજ જથ્થો અખાદ્ય ન થાય તે માટે FIFO (ફર્સ્ટ ઇન ફર્સ્ટ આઉટ) પધ્ધતિથી જ તુવેરદાળના જથ્થાનું વિતરણ થાય અને જથ્થો અનધિકૃત રીતે વગે ન થાય તે બાબતે તકેદારી રાખવા તેમજ અત્રેથી કરેલ ફાળવણી ઓનલાઈન કાર્ડસંખ્યા આધારિત સપ્રમાણ ફાળવણી કરેલ હોઈ તેમાં બિનજરૂરી ફેરફાર ન કરવા તથા વખતોવખત આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

**બિડાણ : ઓગષ્ટ-૨૦૨૪ની ફાળવણીનું પત્રક**

**નિયામક**
**અન્ન અને નાગરિક પુરવઠા**
**ગાંધીનગર**

**નકલ રવાના:**

(૧) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ તુવેરદાળની માસિક જથ્થાની જરૂરિયાતના આધારે અગ્રતાના ધોરણે ગુણવત્તાયુક્ત જથ્થો ઉપલબ્ધ કરાવવા સંબંધિતોને જરૂરી સુચના આપવા સારૂ.

(૨) નાયબ સચિવશ્રી, (ક-શાખા) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) મેનેજરશ્રી (ખરીદી), ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબાની કચેરી તથા સંબંધિતોને સામેલ પત્રકની જિલ્લાવાર ૧૦૦% ફાળવણી ધ્યાને લઈ દુકાનદારો દ્વારા જરૂરીયાત મુજબ ચલણના પૈસા ભરાઇ ગયા બાદ સમયમર્યાદામાં ડોરસ્ટેપ ડીલીવરી મારફત તમામ દુકાનો સુધી જથ્થો પહોંચી જાય તેની તકેદારી રાખવાની સ્પષ્ટ સૂચના આપવાની કાર્યવાહી સારૂ.

(૪) આઈ.સી.ટી. ઓફિસરશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા NIC ના સંકલનમાં રહી માહે ઓગષ્ટ-૨૦૨૪ માસ માટે ૧૦૦%ફાળવણી મુજબની કાર્યવાહી કરવા સારૂ.

(૫) સીનીયર ટેક્નિકલ ઓફિસરશ્રી, NIC તરફ માહે ઓગષ્ટ-૨૦૨૪ માસ માટે કાર્ડદીઠ ૧ કિ.ગ્રા પ્રમાણે ૧૦૦% ફાળવણી મુજબ ઓછામાં ઓછું ૫૦% તથા વધુમાં વધુ અત્રેથી કરેલ ૧૦૦% ફાળવણી મુજબ વાજબી ભાવના દુકાનદારો પોતાની જરૂરિયાત મુજબની ટકાવારી પ્રમાણે એક જ ચલણ ભરી શકે તેવો વિકલ્પ સિસ્ટમમાં ઉપલબ્ધ કરાવવા સારૂ.

(૬) નાયબ નિયામકશ્રી, તપાસણી (હેડકવાર્ટર) શાખા/ બજેટ (સબસીડી) શાખા/ MIS શાખા/ વહીવટ શાખા/ પીડીએસ શાખા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૭) સિલેક્ટ ફાઇલ.

**For the Month August-2024 Alloment For Distribution of Toor Dal to NFSA (AAY & PHH ) Card Holders**

(fig in M.T.)

| Sr No | Districts | No. of Online Cards as on Dt.18-07-2024 | | | Total Allocation of Toor dal @ Rs.50/- per Card 1 kg |
|---|---|---|---|---|---|
| | | No. of AAY Card | No. of PHH Card | Total card | |
| 1 | Ahmedabad | 24,922 | 1,63,075 | 1,87,997 | 188 |
| 2 | Ahmedabad City | 21,432 | 3,35,400 | 3,56,832 | 357 |
| 3 | Amreli | 22,234 | 1,72,771 | 1,95,005 | 195 |
| 4 | Anand | 27,660 | 2,47,274 | 2,74,934 | 275 |
| 5 | Arvalli | 22,274 | 1,42,957 | 1,65,231 | 165 |
| 6 | Banaskantha | 65,354 | 3,82,951 | 4,48,305 | 448 |
| 7 | Bharuch | 19,371 | 1,49,363 | 1,68,734 | 169 |
| 8 | Bhavnagar | 23,451 | 3,16,113 | 3,39,564 | 340 |
| 9 | Botad | 6,934 | 1,08,953 | 1,15,887 | 116 |
| 10 | Chotta Udepur | 16,852 | 1,32,764 | 1,49,616 | 150 |
| 11 | Dahod | 70,748 | 2,38,363 | 3,09,111 | 309 |
| 12 | Dang | 4,841 | 42,093 | 46,934 | 47 |
| 13 | Devbhumi Dwarika | 5,415 | 1,12,664 | 1,18,079 | 118 |
| 14 | Gandhinagar | 10,620 | 1,62,186 | 1,72,806 | 173 |
| 15 | Geer Somnath | 12,372 | 1,67,784 | 1,80,156 | 180 |
| 16 | Jamanagar | 11,714 | 1,96,983 | 2,08,697 | 209 |
| 17 | Junagadh | 15,373 | 2,22,674 | 2,38,047 | 238 |
| 18 | Kheda | 31,802 | 2,49,821 | 2,81,623 | 282 |
| 19 | Kutchh | 22,172 | 2,52,060 | 2,74,232 | 274 |
| 20 | Mahesana | 12,173 | 2,87,217 | 2,99,390 | 299 |
| 21 | Mahisagar | 17,578 | 1,32,926 | 1,50,504 | 151 |
| 22 | Morbi | 6,200 | 1,38,843 | 1,45,043 | 145 |
| 23 | Narmada | 25,810 | 77,331 | 1,03,141 | 103 |
| 24 | Navsari | 46,479 | 1,34,544 | 1,81,023 | 181 |
| 25 | Panchamahal | 28,253 | 2,17,647 | 2,45,900 | 246 |
| 26 | Patan | 20,452 | 2,15,443 | 2,35,895 | 236 |
| 27 | Porbandar | 7,633 | 74,734 | 82,367 | 82 |
| 28 | Rajkot | 19,682 | 2,82,701 | 3,02,383 | 302 |
| 29 | Sabarkantha | 25,953 | 1,83,730 | 2,09,683 | 210 |
| 30 | Surat | 30,324 | 3,47,563 | 3,77,887 | 378 |
| 31 | Surendranagar | 18,284 | 2,30,106 | 2,48,390 | 248 |
| 32 | Tapi | 30,920 | 1,14,360 | 1,45,280 | 145 |
| 33 | Vadodara | 26,574 | 2,25,840 | 2,52,414 | 252 |
| 34 | Valsad | 24,003 | 1,97,156 | 2,21,159 | 221 |
| | **Total** | **7,75,859** | **66,56,390** | **74,32,249** | **7,432** |

**Director, Food & Civil Supply, Gandhinagar**